Thursday
16.03.2023
✳Volume :7 ✳ Issue No.226
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalam gujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-




અમદાવાદ સાયન્સ સિટી ખાતે આર્ટ ઓફ લિવિંગ અને ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીના ઉપક્રમે આઝાદી ના અમૃત મહોત્સવ ના ભાગરૂપે નશામુક્ત ભારત કાર્યક્રમનું આયોજન

# નશામુક્ત ભારત અભિયાનમાં યુવાનોને ભાગીદાર થવા માટે આહ્વાન કરતા ઉદ્યોગ અને શ્રમ રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

**આશાસ્પદ યુવાનો અને તેના પરિવારનાં સપનાંઓ તૂટતાં બચાવવા માટે પોલીસ પોતાના પરિવારની ચિંતા કર્યા વગર આ મિશન પર કાર્યરત છેઃ ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**

## નશા ન કરેંગે ઔર ન કરને દેંગેની પ્રતિજ્ઞા લેવડાવતા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર



કમલમ્ ન્યૂઝ,

અમદાવાદ સાયન્સ સિટી ખાતે આર્ટ ઓફ લિવિંગ અને ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના ઉપક્રમે આઝાદીકા અમૃત મહોત્સવના ભાગરૂપે નશામુક્ત ભારત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર ઉપરાંત ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર મહારાજ છેલ્લાં ૧૫ વર્ષથી દેશભરમાં નશામુકત ભારતના કાર્યક્રમો ચલાવે છે, જે ખૂબ જ પ્રેરણાદાયક છે. ગુરુદેવે થોડા સમય પહેલા જ પંજાબ રાજયમાં ૨૫,૦૦૦થી વધુ લોકોને નશામાંથી મુક્તિ અપાવી હતી અને સારા નાગરિકની જેમ જીવન જીવવાની દિશા બતાવી છે. તેઓ અનેક સંસ્થાઓમાં અને કોલેજોમાં નશામુકિતના કાર્યક્રમો યોજી લોકોને જાગૃત કરવાનું મોટું કામ કરે છે, તેવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના પોલીસ વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષમાં ૩૨ લાખ જેટલું ડ્રગ્સ પોલીસે જપ્ત કર્યું છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળ આજે ગુજરાતમાં નશામુકત ગુજરાતની દિશામાં આગળ વધી રહ્યું છે. અને ગુરુજીના આ અભિયાન થકી તેને વધુ વેગ મળશે અને ગુજરાત જ નહીં પરંતુ સંપૂર્ણ દેશ નશામુક્ત થશે, એવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીએ આ સેવાકાર્ય બદલ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકનો આભાર વ્યક્ત કર્યો હતો તથા આ અભિયાન સાથે સંકળાયેલા અલગ અલગ ક્ષેત્રોના કલાકારોને બિરદાવવાની સાથે સાથે યુવાનોને નશામુક્ત અભિયાનમાં ભાગ લેવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસે છેલ્લા દોઢ વર્ષમાં ૫,૩૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડીને યુવાનોનું જીવન બચાવ્યું છે. ડ્રગ્સ માફિયાઓની નાણાકીય શક્તિ પર પ્રહાર કરવાની સાથે સાથે યુવાનોને વ્યસનમાંથી મુક્ત રાખવા માટે સરકાર તથા પોલીસ વિભાગ પ્રયત્નશીલ છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પોલીસ અને સંસ્થાઓના પ્રયાસોથી ૮૦૦થી વધારે વિદ્યાર્થીઓને ડ્રગ્સની ચુંગાલમાંથી છોડાવીને સાચા રસ્તે વળવા પ્રયત્ન કર્યો છે. શ્રી હર્ષભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, કોઈ આશાસ્પદ યુવાન અને તેના પરિવારનાં સપનાંઓ તૂટતાં બચાવવા માટે પોલીસ પોતાના પરિવારની ચિંતા કર્યા વગર આ મિશન પર કાર્યરત છે. જેમાં શૈક્ષણિક, સામાજિક સંસ્થાઓ અને સામાન્ય લોકો પણ સહયોગ આપે, તેવી તેમણે અપીલ કરી. તેમણે ઉમેર્યું કે, એવા તમામ કાર્યક્રમો કે જેમાં યુવાનો જોડાય છે ત્યાં વ્યસનમુકિતનો સંદેશ આપવો જોઈએ. યુવાનોને કાયદાના દબાણ વગર જાગૃત કરવા એ અમારો સંકલ્પ છે, એવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ નાગરિકોને ખરાબ આદત ધરાવતા યુવાનો કે ડ્રગ્સના ધંધા સાથે સંકળાયેલાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ આસપાસ આવી પ્રવૃત્તિનો ખ્યાલ આવે તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર મહારાજે જણાવ્યું હતું કે, ગુજરાતની સંસ્કૃતિ અને અહીંના લોકોની કળા અને પ્રેમ જોઈને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોઈપણ માનવીમાં ચિંતા ખૂબ જ વધુ માત્રામાં વધી જાય છે ત્યારે તેઓ તે ચિંતામાંથી મુક્ત થવા માટે નશાકારક પદાર્થોનું સેવન કરે છે અને તેનાથી તેઓ ડ્ગ્સના રસ્તા તરફ વળે છે અને પોતાની જિંદગી ખોઈ બેસે છે. આ પરિસ્થિતિ ખૂબ જ દુઃખદાયક છે, આ પરિસ્થિતિમાંથી લોકોને બહાર

### ગાયકો, ફિલ્મ અને નાટ્ય સાથે સંકળાયેલા કલાકારો તથા સાહિત્યકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

લાવવા માટે નશામુકત ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવી છે, તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની અને સાથે સાથે અન્ય રાજયોની સંસ્કૃતિને દેશ-વિદેશમાં પ્રજ્વલિત કરી છે તેમ આપણે પણ નશામુકત ભારત અભિયાનને વેગ આપી દેશ-વિદેશમાં નશામુકત ભારતની છાપ ઊભી કરીએ, તેમ તેઓએ જણાવ્યું હતું. તેમણે યુવાનોને સંબોધતા કહ્યું હતું કે, જો જીવનમાં કોઈ નશો કરવો હોય તો પ્રેમ, કળા, સંગીત, યોગ આ પ્રકારના નશા કરી પોતાના અને લોકોના વિકાસ માટે કાર્ય કરવું જોઈએ. શ્રી શ્રી રવિશંકરજીએ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો અને વિદ્યાર્થીઓને નશા ન કરેંગે ઔર ન કરને દેંગેની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. પંકજ રાય પટેલ, જીટીયુના રજીસ્ટ્રાર ડો. કે એન ખેર, ગુજરાતી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારો, લેખકો, ગાયકો, સાયન્સ સિટીના અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# NMDCએ બિઝનેસ વુમન એક્સ્પો ૨૦૨૩માં બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષની ઉજવણી કરી

કમલમ્ ન્યૂઝ,

મિલેટ્સને લોકપ્રિય બનાવવામાં મોખરે, NMDCએ હૈદરાબાદમાં બિઝનેસ વુમન એક્સ્પો ૨૦૨૩માં સુપરફૂડનું વિતરણ કર્યું.



મિલેટ્સના આંતરરાષ્ટ્રીય વર્ષ ૨૦૨૩ની પૃષ્ઠભૂમિમાં, NMDCએ બાજરીના વ્યવસાયો બનાવવા અને રાષ્ટ્રની ખાદ્ય સુરક્ષામાં યોગદાન આપવા માટે મહિલા સાહસિકોને પ્રેરણા આપી. કંપની વતી, શ્રી કે પ્રવીણકુમાર, ઈડી (કર્મચારી અને કાયદો) અને શ્રી કે મોહન, સીજીએમ (કર્મચારી) એ બાજરીઓનું વિતરણ કર્યું અને સ્વસ્થ ભવિષ્ય માટે તેના લાભો અંગે સહભાગીઓ સાથે વાર્તાલાપ કર્યો. યુનાઈટેડ નેશન્સે, ભારત સરકારના આદેશ પર, ૨૦૨૩, બાજરીનું આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કર્યું.

બાજરીના વપરાશમાં વધારો કરવાના તેના પ્રયાસમાં, NMDCએ તાજેતરમાં હૈદરાબાદના IIMR માન્ય અહોબિલમ ફૂડ્સને સ્માર્ટ ફૂડ તરીકે મિલેટ્સ પર સત્ર યોજવા આમંત્રણ આપ્યું હતું. સત્ર પછી મિલેટ લંચ કરવામાં આવ્યું હતું. CPSE જાગૃતિ લાવવા માટે તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર હિતધારકો સાથે પણ જોડાઈ રહ્યું છે અને જાહેર મહત્વના પ્લેટફોર્મ પર મિલેટ્સનું વિતરણ કરી રહ્યું છે.

# ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ 'એક આરોગ્ય: શ્રેષ્ઠ સ્વાસ્થ્ય માટે સંકલિત, સહયોગી અને બહુક્ષેત્રીય અભિગમ' પર CII પાર્ટનરશીપ સમિટ ૨૦૨૩ને સંબોધિત કરી

કમલમ્ ન્યૂઝ,

"આ સમય છે કે ભારત એક સર્વગ્રાહી અને સંકલિત ઈકો અને પ્રકૃતિને અનુકૂળ નીતિ-નિર્માણ વાતાવરણ સાથે "એક પૃથ્વી, એક આરોગ્ય" વિઝનને સાકાર કરવા માટે આગેવાની લે અને તેને વૈશ્વિક આરોગ્ય અને સુખાકારી માટે વસુધૈવ કુટુંબકમની આપણી ફિલસૂફી સાથે સંરેખિત કરે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ, ભારત પાસે નવીન સંશોધન અને ટેક્નોલોજી સપોર્ટેડ સોલ્યુશન્સ કે જે સાર્વત્રિક સ્વીકાર્યતા સાથે વ્યાપારી રીતે સધ્ધર છે તેમાં નેતૃત્વ કરવાની મજબૂત રાજકીય ઈચ્છાશકિત ધરાવે છે." કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અહીં 'વન હેલ્થ: ઈન્ટિગ્રેટેડ, કોલાબોરેટિવ એન્ડ મલ્ટિસેક્ટોરલ એપ્રોચ ટુ ઑપ્ટિમલ હેલ્થ' વિષય પર કન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) પાર્ટનરશિપ સમિટ ૨૦૨૩ને આજે સંબોધિત કરતા આ વાત કહી હતી. તેમણે ઉમેર્યું હતું કે "ધ વન અર્થ, વન હેલ્થ વિઝન માત્ર સક્રિય વૈશ્વિક સહયોગથી જ વાસ્તવિકતા બની શકે છે જ્યાં દેશો માત્ર પોતાના વિશે નહીં, પરંતુ સામૂહિક વૈશ્વિક પરિણામો વિશે વિચારે છે." ડૉ. માંડવિયાએ પ્રકાશ પાડ્યો કે "આરોગ્ય ક્ષેત્ર એક દેશ પૂરતું મર્યાદિત ન હોઈ શકે કારણ કે એક દેશનું આરોગ્ય અને સુખાકારી બીજા દેશને અસર કરે છે. આપણે એક પરસ્પર નિર્ભર વિશ્વમાં રહીએ છીએ, જ્યાં માત્ર દેશો જ નહીં પરંતુ માનવ વસ્તીનું સ્વાસ્થ્ય પણ આસપાસના પર્યાવરણ અને પ્રાણીઓના સ્વાસ્થ્યથી સમાન રીતે અસરગ્રસ્ત અને પ્રભાવિત થાય છે. વૈશ્વિક રોગચાળાએ દર્શાવ્યું છે કે કોઈપણ દેશ કોઈપણ દેશમાં પ્રતિકૂળ વિકાસથી મુક્ત નથી, અને એ પણ કે આપણી ક્રિયાઓ આપણી ઈકો-સિસ્ટમના આરોગ્ય અને સુખાકારીને અસર કરે છે. આથી માનવ જાતિ તરીકે આપણી સામૂહિક જવાબદારી છે કે આપણે માત્ર આપણી જાતને જ નહીં પરંતુ એ પણ સુનિશ્ચિત કરીએ કે આપણી ક્રિયાઓ જે પર્યાવરણમાં આપણે સહ-અસ્તિત્વમાં છીએ તેનું રક્ષણ કરવામાં પરિણમે છે. "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય"નું વિઝન આપણી ક્રિયાઓ અને પર્યાવરણ-મિત્ર નીતિઓના મહત્વ પર તીવ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે, તેમ તેમણે વિગતવાર જણાવ્યું હતું. સ્વદેશી સંશોધન અને પરંપરાગત ઉપચારની સંપત્તિમાં ભારતની અગ્રણી ભૂમિકાને બિરદાવતા, ડૉ. માંડવિયાએ હાઈલાઈટ કર્યું કે દરેક દેશ "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય" સુનિશ્ચિત કરવા માટેનું પોતાનું મોડેલ હોઈ શકે છે. તેમ છતાં, અમારા મૉડલને સમૃદ્ધ બનાવવા અને એકબીજા સાથે સુમેળમાં કામ કરવા માટે એકબીજાની શ્રેષ્ઠ પ્રથાઓમાંથી શીખવું મહત્વપૂર્ણ છે, જેથી અમારી સામૂહિક ક્રિયાઓ આપણે જે વિશ્વમાં રહીએ છીએ તેના કરતાં વધુ સ્વસ્થ વિશ્વને પાછળ છોડી દે છે, એમ તેમણે જણાવ્યું હતું. વધુમાં, આરોગ્ય મંત્રીએ ઉમેર્યું હતું કે "ભારતનું એકીકૃત દવાનું મોડેલ તેનું ઉદાહરણ છે, જ્યાં તે ભારતમાં સહજ આયુર્વેદના પરંપરાગત સિદ્ધાંતોને સમાવિષ્ટ કરીને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરીને આધુનિક દવાને સમન્વયિત કરે છે."આયુષ્માન ભારત યોજના જેવી પહેલોની પ્રગતિ અને કો-વિન પ્લેટફોર્મની સફળતાને બિરદાવતા, જે હવે જાહેર ડિજિટલ ગુડ તરીકે વહેંચાયેલું છે, ડૉ. માંડવિયાએ



**"ભારત એક સર્વગ્રાહી અને સંકલિત પર્યાવરણ અને પ્રકૃતિને અનુકૂળ નીતિ-નિર્માણ વાતાવરણ સાથે "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય" વિઝનનું નેતૃત્વ કરી શકે છે અને તેને વૈશ્વિક સ્વાસ્થ્ય અને સુખાકારી માટે વસુધૈવ કુટુંબકમની અમારી ફિલસૂફી સાથે સંરેખિત કરી શકે છે"**

ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વાસ્થ્યને 'સેવા' એટલે કે અન્યોની સેવા તરીકે જોવામાં આવે છે. આરોગ્ય મંત્રીએ પણ રાષ્ટ્રની સંશોધન સંસ્થાઓમાં તેમના વિશ્વાસને સમર્થન આપ્યું હતું અને સંશોધનમાં યોગદાન આપવા માટે શૈક્ષણિક, ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને સંડોવણી માટે વિનંતી કરી હતી. પેનલના સભ્યોએ આયુષ્માન ભારતની છત્રછાયા દ્વારા જન ઔષધિ કેન્દ્રો, UHC દ્વારા સસ્તી દવાઓ આપીને દેશમાં આરોગ્ય સંભાળને વેગ આપવા સરકારના પ્રયાસો અને પહેલની અને મેડિકલ કોલેજો સાથે નર્સિંગ કોલેજોના સહ-સ્થાન જેવી વિવિધ પહેલોની પ્રશંસા કરી હતી. બેડસાઇડ શિક્ષણની તકો જેવા ઉપલબ્ધ સંસાધનોની શ્રેણી અને શ્રેણીને વધુ પ્રોત્સાહન આપશે અને ભારતમાં નર્સિંગ સમુદાયને પ્રોત્સાહન આપશે. પેનલના સભ્યોએ 'વન અર્થ, વન હેલ્થ'ના વિઝનની પ્રશંસા કરી હતી જે જ્ઞાન અને જવાબદારીના શાણપણને જોડે છે, જેમાં આરએન્ડડી અને મેન્યુફેક્ચરિંગની ઈકોસિસ્ટમમાં દરેક હિસ્સેદાર તેમના પરિણામોની જવાબદારી સ્વીકારે છે. તેઓએ દેશની વૈજ્ઞાનિક શાણપણ અને ક્ષમતાઓમાં સરકાર દ્વારા દાખવેલા વિશ્વાસને પણ બિરદાવ્યો હતો. ડૉ. નરેશ ત્રેહાન, CII હેલ્થકેર કાઉન્સિલ, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, ગ્લોબલ હેલ્થ પ્રાઈવેટ લિમિટેડ, ઈન્ડિયા, ડૉ. રાજેશ જૈન, અને મેનેજિંગ ડિરેક્ટર, CII નેશનલ કમિટી ઓન બાયોટેકનોલોજી, Panacea Biotech Ltd, ડૉ. સુચિત્રા એલા, ચેરપર્સન CII સધર્ન રિજન અને ભારત બાયોટેકના સહ-સ્થાપક અને એમડી આ કાર્યક્રમમાં પેનલિસ્ટ તરીકે હાજર રહ્યા હતા.

# રાજકોટની એઈમ્સ ખાતે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટનો પ્રારંભ ફેફસા અને હૃદયને લગતા રોગનું નિદાન શક્ય બનશે

**નાની ઉંમરે કસરત બાદ આવતા હાર્ટ એટેક, શ્વાસની તકલીફ તેમજ કસરત કરવાની ક્ષમતાને માપવા માટે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઇઝ ઉપયોગી**



કમલમ્ ન્યૂઝ,

રાજકોટ નજીક પરાપીપળીયા ખાતે નિર્માણાધીન ગુજરાતની પ્રથમ એઈમ્સ હોસ્પિટલ ખાતે પહેલી વાર અદ્યતન મશીન દ્વારા કાર્ડિયોપલ્મોનરી એકસરસાઈઝ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. એઈમ્સના ડાયરેકટર અને પલ્મોનરી વિભાગના હેડ ડો. સી.ડી.એસ. કટોચ તેમજ અન્ય ડોકટર્સની ટીમની ઉપસ્થિતિમાં આ ટેસ્ટ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. રાજકોટ એઈમ્સ ખાતે ઓ.પી.ડી. તેમજ ટેલિમેડીસીન સેવાના પ્રારંભ બાદ ઈન્ડોર સેવાનો નજીકના સમયમાં પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ પૂર્વે અદ્યતન મશીન ઉપલબ્ધ બનતા શ્વસન તંત્રના રોગોને લગતા અને ફેફસાના દર્દીઓના રોગનું નિદાન કરવું સરળ બનશે. ડો. કટોચના જણાવ્યા મુજબ વ્યકતિની કસરત કરવાની ક્ષમતાને માપવા માટે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટ (CPET) નો ઉપયોગ કરવામાં આવે છે. શ્વાસની તકલીફનુ કારણ જાણવા માટે પણ આ ટેસ્ટ ઉપયોગી છે. આ મશીન દ્વારા ટેસ્ટ કરવામાં આવતા કસરત માટે શરીરનો પ્રતિભાવ સામાન્ય છે કે અસામાન્ય છે તે સમજવા માટે હૃદય, ફેફસાં અને સ્નાયુઓ વિશેની માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ માહિતી પરથી શ્વાસ લેવામાં તકલીફનું કારણ હૃદય, ફેફસાં અથવા સ્નાયુઓમાં કોઈ સમસ્યા છે કે નહીં તે જાણવામાં મદદ મળે છે. આજકાલ કસરત કરતી વખતે કેટલાક લોકોને હૃદયરોગનો હુમલો થવાનું જાણવા મળે છે ત્યારે આ ટેસ્ટ કરાવવાથી હૃદય અને ફેફસાના રોગ ધરાવતા લોકોમાં હૃદય અથવા ફેફસાંને કારણે કસરતમાં કેટલી મર્યાદા છે તે નક્કી કરી શકાય છે.

તેમજ રીપોર્ટના આધારે ડોકટર્સ દ્વારા તેમને કસરત અંગે સૂચન કરવાથી વ્યક્તિને હૃદય રોગના હુમલાથી બચાવી શકાય છે. રાજકોટ એઈમ્સ ખાતે કરવામાં આવેલ પ્રથમ ટેસ્ટ વખતે ડો. સંજય સિંઘલ, ડો. કૃણાલ દિઓકર, ડો. અનેરી પારેખ સહીત વિવિધ વિભાગના સહયોગીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# વાંસજાળિયા-પોરબંદર વિભાગમાં પ્રથમ વખત ઈલેક્ટ્રિક લોકોમોટિવના ટ્રાયલ રન સાથે પીસીઈઈ નિરીક્ષણ પૂર્ણ થયું

કમલમ્ ન્યૂઝ,

એકવાર ૧૦૦% ઈલેક્ટ્રિફિકેશન હાંસલ કર્યા પછી, ભારતીય રેલવે ભારતીય પાવર સેક્ટરમાં ગેમ ચેન્જર બનવા જઈ રહી છે અને દેશ માટે તેના નૂર અને પેસેન્જર સેગમેન્ટને વિકસાવવાની વિશાળ તક છે. સેન્ટ્રલ ઓર્ગેનાઈઝેશન ફોર રેલ્વે ઈલેક્ટ્રિફિકેશન (કોર) હેઠળના રેલવે ઈલેક્ટ્રિફિકેશન, અમદાવાદ યુનિટે ભાવનગર મંડળના વાંસજાળીયા-પોરબંદર સેકશન (RKM 32.07 ::TKM 50.27:) વિભાગને ચાલુ કરીને વધુ એક એક ઉપલબ્ધિ હાંસલ કરી છે શ્રી જી.એસ. ભવરિયા, પ્રિન્સિપલ ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પીસીઈઈ), પશ્ચિમ રેલવે દ્વારા સફળ નિરીક્ષણ પછી ઉત્તમ કાર્ય પ્રાપ્ત થયું છે. નવા ઈલેક્ટ્રિફાઈડ વિભાગમાં માલસામાન અને પેસેન્જર ટ્રેનો ખોલવા માટે અનિવાર્ય છે. ફરજિયાત નિરીક્ષણ પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના શાખા અધિકારીની સાથે કરવામાં આવ્યું હતું. પીસીRR /ડબ્લ્યુઆર ને સેકસનની ઓફર કરતા પહેલા, વિભાગીય ગતિએ ઈલેક્ટ્રિક લોકોની ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. શ્રી જી.એસ.ભવરિયા, પીસીઈઈ/ડબ્લ્યૂઆર એ ૧૪.૦૩.૨૩ના રોજ ૩૨.૦૭ આરકેએક અને ૫૦.૨૭ ટીકેએમની વિભાગીય લંબાઈ હેઠળ વાંસજાળીયા-પોરબંદર વિભાગની ઓએચઈ સિસ્ટમની તકનીકી પાસા અને વિશ્વસનીયતા અને સલામતી સુધારવાની સલાહ આપી. ૨૦૨૨-૨૩ ના આ નાણાકીય વર્ષમાં પશ્ચિમ રેલવે માટે ભાવનગર મંડળના વાંસજાળીયા-પોરબંદર



વિભાગ સહિત કોર /અલ્હાબાદ હેઠળ રેલવે ઈલેક્ટ્રિફિકેશન યુનિટ, અમદાવાદ દ્વારા શરૂ કરાયેલા વિભાગોની સિદ્ધિમાં કુલ ૪૫૦.૨૪ રૂટ કિલોમીટરનો સમાવેશ થાય છે. રેલ્વે વિદ્યુતીકરણ ને પૂર્ણ કરવા માટેનો લાભ ખરેખર પ્રભાવશાળી છે કારણ કે તે બળતણને આયાત કરે છે અને તેના પર આધાર રાખાનાર નાણાકીય બોઝને ઓછો કરશે જે કાર્બન ફૂટપ્રિન્ટને ઓછી કરવામાં મદદ કરશે.

